

»પ્રસ્તુત તસવીર બાંગ્લાદેશના ઢાકાની છે જ્યાં બંગાળી નવા વર્ષના પ્રથમ દિવસ ‘પોહેલા બૈશાખ’ની ઉજવણી નિમિત્તે પરંપરાગત ‘બૈશાખી શોભાયાત્રા’ (મંગલ શોભાયાત્રા)માં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

# ભારત સાથે સંબંધો સુધારવાની નીતિ યથાવત હોવાનો ચીનનો દાવો

**જોકે** ચીને અરુણાચલ પ્રદેશના નામ બદલવાના મુદ્દે બચાવ કર્યો

**ભારત** અરુણાચલ પ્રદેશના વિસ્તારોના નામ બદલવાનો અને સરહદ નજીક નવા વહીવટી જિલ્લાઓ બનાવવાનો વિરોધ કરી રહ્યું છે

બીજિંગ, તા. 14 (પીટીઆઈ): ચીને મંગળવારે જણાવ્યું હતું કે ભારત સાથેના સંબંધો સુધારવાની તેની નીતિમાં કોઈ ફેરફાર થયો નથી, જોકે સાથે જ તેણે અરુણાચલ પ્રદેશના વિવિધ વિસ્તારોના નવા નામો જાહેર કરવાના પોતાના પગલાનો બચાવ પણ કર્યો હતો.

ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને બીજિંગમાં પત્રકારોને જણાવ્યું હતું કે ‘ઝંગનાન’ (અરુણાચલ પ્રદેશ માટે ચીની નામ) ચીનનો પ્રદેશ છે. તેમણે ઉમેર્યું કે આ વિસ્તારોના નામોનું ‘માનકીકરણ’ કરવું તે ચીનની સાર્વભૌમત્વનો વિષય છે. ભારત દ્વારા ગેરકાયદેસર રીતે સ્થાપવામાં આવેલા કહેવાતા અરુણાચલ પ્રદેશને ચીન માન્યતા આપતું નથી.

ભારતે રવિવારે ચીનના આ પ્રયાસોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સ્પષ્ટ કર્યું હતું કે ભારતીય પ્રદેશોને ‘કાલ્પનિક નામો’ આપવાના ચીનના કોઈપણ પ્રયાસ પાયાવિહોણા છે અને આવા કૃત્યોથી વાસ્તવિકતા બદલી શકાતી નથી. ભારતે ચેતવણી આપી હતી કે ચીનનું આ વલણ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવાના પ્રયાસોને પાટા પરથી ઉતારી શકે છે. ચીન દ્વારા અક્સાઈ ચીન અને શિનજિયાંગ વિસ્તારમાં નવા વહીવટી જિલ્લાઓ (કાઉન્ટી) બનાવવામાં આવી રહ્યા છે, જે સામે પણ ભારતે વાંધો ઉઠાવ્યો છે. ખાસ કરીને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) અને અફઘાનિસ્તાન સરહદ નજીક ‘સેનલિંગ’ નામની ત્રીજી નવી કાઉન્ટી બનાવવી તે વ્યૂહાત્મક દ્રષ્ટિએ ગંભીર બાબત છે. ‘સેનલિંગ’ કાઉન્ટી કારાકોરમ પર્વતમાળા પાસે આવેલી છે, જે ભારત સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખાના પશ્ચિમ સેક્ટરની અત્યંત નજીક હોવાનું મનાય છે.

ચીન વર્ષ 2017થી અરુણાચલ પ્રદેશના સ્થળોના નામ બદલવાની યાદીઓ જાહેર કરી રહ્યું છે, જેના જવાબમાં ભારત સતત કહેતું આવ્યું છે કે અરુણાચલ પ્રદેશ ભારતનું અભિન્ન અંગ છે અને હંમેશા રહેશે.

જોકે ચીને એવી આશા વ્યક્ત કરી છે કે બંને પક્ષો (ભારત અને ચીન) એક જ દિશામાં કામ કરે અને એવી રીતે વર્તે જે દ્વિપક્ષીય સંબંધો માટે ફાયદાકારક હોય.



# અમેરિકાનો સૌથી ડરામણો ‘રેઈન્બો બ્રિજ’ રિનોવેશન બાદ ફરી શરૂ

**20** માળની ઊંચાઈ આજે પણ ડ્રાઈવરોને ધ્રુજારી છોડાવે છે

વોશિંગ્ટન, તા. 14: અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં સ્થિત અને દેશના સૌથી ભયાનક ડ્રાઇવિંગ અનુભવો માટે કુખ્યાત ‘રેઈન્બો બ્રિજ’ સમારકામ બાદ ફરીથી ખુલ્લો મૂકવામાં આવ્યો છે. નેચેસ નદી પર બનેલો આ બ્રિજ પોર્ટ આર્થર અને બ્રિજ સિટીને જોડે છે. તેની ઉંચાઈ 20 માળની ઇમારત જેટલી એટલે કે લગભગ 200 ફૂટ છે, અને તેનો ઉભો ચઢાણ ડ્રાઇવરોને કોઈ જૂની રોલર કોસ્ટર રાઈડ જેવો અનુભવ કરાવે છે.

વર્ષ 1938માં બનેલો આ ઐતિહાસિક બ્રિજ માર્ચ 2025થી નવીનીકરણ માટે બંધ હતો. આશરે 1,450 ફૂટ લાંબા આ બ્રિજની રોડ સરફેસ અને સેફ્ટી રેલિંગને મજબૂત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ નિર્ધારિત સમય કરતાં 6 મહિના વહેલો પૂર્ણ થયો છે. આ દરમિયાન ટ્રાફિકને બાજુમાં આવેલા વેટરન્સ મેમોરિયલ બ્રિજ પર ડાયવર્ટ કરાયો હતો. સોશિયલ મીડિયા પર અનેક લોકોએ આ બ્રિજ પસાર કરતી વખતે આવતા ગભરાટ અને પેનિક એટેક જેવા અનુભવો શેર કર્યા છે, જે સાબિત કરે છે કે રિનોવેશન છતાં તેની ઊંચાઈ આજે પણ એટલી જ ડરામણી છે.

# નેવાડાના ગ્રામીણ વિસ્તારમાં 5.7ની તીવ્રતાનો ભૂકંપ, નુકસાનના અહેવાલ

વોશિંગ્ટન, તા. 14 (એપી): સોમવારે નેવાડાના પાટનગર કાર્સન સિટીની પૂર્વમાં આવેલા ગ્રામીણ વિસ્તારમાં 5.7ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો.

યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) ના જણાવ્યા અનુસાર, ભૂકંપ સાંજે 6:30 વાગ્યાના થોડા સમય પહેલા આવ્યો હતો. તેનું કેન્દ્રબિંદુ સિલ્વર સ્પ્રિંગ્સ શહેરથી 20.7 કિલોમીટર પૂર્વમાં 5 કિલોમીટરની ઊંડાઈએ હતું.

ફાલન શહેરમાં લેવાયેલા વીડિયોમાં એક ગ્રોસરી સ્ટોરની ગલીઓમાં કાચના ટુકડા અને ખાદ્યપદાર્થો જમીન પર વેરવિખેર જોવા મળ્યા હતા.

ટ્રીના એનલો જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે તેમના ડાઈનિંગ રૂમમાં તેમની એક પુત્રી સાથે બેઠી હતી, જે લેસન કરી રહી હતી. એનલોએ જણાવ્યું કે, “ભૂકંપ આવે એ પહેલાં જ અમે ગડગડાટનો અવાજ સાંભળી શકતા હતા.” એનલોએ ઉમેર્યું કે, ધ્રુજારી લગભગ એક મિનિટ સુધી ચાલુ રહી હતી. આ આંચકાને કારણે કાસ્ટ આયર્નના કેટલાક મીણબત્તી સ્ટેન્ડ પડી ગયા હતા, પરંતુ એનલોને તેમના ફાલન સ્થિત ઘરમાં કોઈ તિરાડો કે નુકસાન જોવા મળ્યું નથી.

યુએસજીએસએ જણાવ્યું હતું કે, નજીકના સમુદાયોના કેટલાક રહેવાસીઓએ તીવ્રથી ખૂબ તીવ્ર ધ્રુજારી અને હળવાથી મધ્યમ નુકસાનની જાણ કરી છે.

# ચીનના રિયલ એસ્ટેટ ટાયકૂન ઝુ જિયાયિને છેતરપિંડીનો ગુનો કબૂલ્યો

**ઝુ પર** જાહેર થાપણોનો ગેરકાયદેસર ઉપયોગ, ભંડોળ ઉઘરાવવામાં છેતરપિંડી જેવા અનેક ગંભીર આરોપો

**332** અબજ ડોલરના દેવા સાથે વિશ્વની સૌથી દેવાદાર કંપનીના પતનથી ચીની પ્રોપર્ટી સેક્ટરમાં કટોકટી સર્જાઇ છે

બીજિંગ, તા. 14 (પીટીઆઈ): ચીનના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં આવેલા મહાસંકટના મુખ્ય સૂત્રધાર અને એવરગ્રાન્ડે ગ્રુપના સ્થાપક ઝુ જિયાયિને છેતરપિંડી અને ભ્રષ્ટાચારના ગંભીર આરોપોમાં પોતાનો ગુનો કબૂલ કરી લીધો છે.

શેનઝેન ઈન્ટરમીડિયેટ પીપલ્સ કોર્ટમાં સોમવારથી શરૂ થયેલી સુનાવણી દરમિયાન, ઝુએ (જેમને હુઈ કા યાન તરીકે પણ ઓળખવામાં આવે છે) કોર્પોરેટ સંપત્તિની ઉચાપત અને લાંચ આપવા બદલ પસ્તાવો વ્યક્ત કર્યો હતો.

ઝુ પર જાહેર થાપણોનો ગેરકાયદેસર ઉપયોગ, ભંડોળ ઉઘરાવવામાં છેતરપિંડી અને ગેરકાયદેસર રીતે લોન આપવા જેવા અનેક ગંભીર આરોપો મૂકવામાં આવ્યા હતા. વર્ષ 2023માં 332 અબજ અમેરિકી ડોલરની કુલ દેનદારીઓ સાથે એવરગ્રાન્ડે વિશ્વની સૌથી વધુ દેવાદાર કંપની બની હતી. આ કંપનીના પતનથી ચીનના અર્થતંત્રના મુખ્ય આધાર એવા પ્રોપર્ટી સેક્ટરમાં ક્યારેય ન સુધરે તેવી કટોકટી સર્જાઈ છે, જેના કારણે ચીન સરકારને સમયાંતરે હસ્તક્ષેપ કરવો પડ્યો છે.

હોંગકોંગ હાઈકોર્ટે જાન્યુઆરી 2024માં કંપનીના લિક્વિડેશન (સમેટી લેવા)નો આદેશ આપ્યો હતો. ત્યારબાદ માર્ચ 2024માં ચીની સત્તાવાળાઓએ કંપનીને 4.2 અબજ યુઆનનો દંડ ફટકાર્યો હતો અને હુઈ પર આજીવન મૂડી બજારમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો હતો. હુઈની સફર એક નાના ગામથી શરૂ થઈ હતી અને 1996માં એવરગ્રાન્ડેની સ્થાપના કર્યા પછી, 2017 સુધીમાં તે વિશ્વની સૌથી મોટી પ્રોપર્ટી ડેવલપર બની ગઈ હતી. જોકે, ચીન સરકારની ‘થ્રી રેડ લાઈન્સ’ પોલિસી અને વધુ પડતા દેવાને કારણે અંતે આ સામ્રાજ્ય ધરાશાયી થયું. કોર્ટ આ મામલે પોતાનો ચુકાદો હવે પછી જાહેર કરશે.

# છત્તીસગઢના પાવર પ્લાન્ટમાં બોઈલર વિસ્ફોટમાં નવનાં મોત

**આ** દુર્ઘટના માટે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે: મુખ્યમંત્રી સાઈ

સક્તિ (છત્તીસગઢ), તા. 14 (PTI) છત્તીસગઢના સક્તિ જિલ્લામાં મંગળવારે એક પાવર પ્લાન્ટમાં બોઈલર ફાટતાં નવ કામદારોનાં મોત થયાં હતાં અને 15 લોકો ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

સક્તિ જિલ્લા પોલીસ અધિક્ષક પ્રફુલ્લ ઠાકુરે જણાવ્યું હતું કે, પ્રાથમિક માહિતી મુજબ, બપોરના સમયે સિંઘીતરાઈ ગામમાં આવેલા વેદાંત લિમિટેડ પાવર પ્લાન્ટમાં બોઈલર ટ્યુબમાં આ વિસ્ફોટ થયો હતો. પ્રફુલ્લ ઠાકુરે જણાવ્યું હતું કે, “નવ કામદારોનાં મોત થયાં છે અને 15 લોકો ઘાયલ થયા છે.” ઠાકુરે ઉમેર્યું હતું કે, ત્રણ પીડિતોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં જ્યારે અન્ય લોકોએ હોસ્પિટલમાં દમ તોડ્યો હતો.

અધિકારીએ જણાવ્યું કે, ઈજાગ્રસ્તો પાડોશી રાયગઢ જિલ્લાની હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે.

સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

બોઈલરની આસપાસનો વિસ્તાર અત્યંત ગરમ હોવાથી આસપાસના કામદારો અને સ્ટાફને ત્યાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.

વધુ લોકો ફસાયેલા છે કે કેમ તે તપાસવા માટે બચાવ કામગીરી હજી પણ ચાલુ છે. મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી હતી અને કહ્યું હતું કે સરકાર મૃતકોના પરિવારોની સાથે છે. રાયપુરમાં પત્રકારો સાથે વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આ મામલે તપાસ કરવામાં આવશે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# વડા પ્રધાને દિલ્હી-દહેરાદૂન ઈકોનોમિક કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું

**213** કિમી લાંબો સિક્સ-લેન કોરિડોર 12,000 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યો

દહેરાદૂન, તા. 14 (PTI) વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે દિલ્હી-દહેરાદૂન ઈકોનોમિક કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું હતું, જે બંને શહેરો વચ્ચેના મુસાફરીના સમયને લગભગ અડધો કરી દેશે.

213 કિમી લાંબો સિક્સ-લેન એક્સેસ-કંટ્રોલ્ડ દિલ્હી-દહેરાદૂન ઈકોનોમિક કોરિડોર 12,000 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યો છે.

સત્તાવાર નિવેદન અનુસાર, આ કોરિડોર દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યોમાંથી પસાર થાય છે અને તે દિલ્હી અને દહેરાદૂન વચ્ચેના મુસાફરીના સમયને હાલના છ કલાકથી ઘટાડીને અઢી કલાક જેટલો કરી દેશે.

દિલ્હી-દહેરાદૂન ઈકોનોમિક કોરિડોર મુખ્ય પ્રવાસન અને આર્થિક કેન્દ્રો વચ્ચે કનેક્ટિવિટી વધારીને તેમ જ સમગ્ર પ્રદેશમાં વેપાર અને વિકાસ માટે નવા રસ્તાઓ ખોલીને પ્રાદેશિક આર્થિક વૃદ્ધિને મજબૂત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

નિવેદનમાં જણાવાયું છે કે, “આ પ્રોજેક્ટ વડા પ્રધાનના નેક્સ્ટ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાના વિઝનને પ્રતિબિંબિત કરે છે જે પર્યાવરણીય સ્થિરતા અને નાગરિકોના જીવનની ગુણવત્તામાં સુધારા સાથે હાઈ-સ્પીડ કનેક્ટિવિટીને જોડે છે.”

પ્રોજેક્ટના અમલીકરણમાં સીમલેસ હાઈ-સ્પીડ કનેક્ટિવિટી સક્ષમ કરવા માટે 10 ઈન્ટરચેન્જ, ત્રણ રેલવે ઓવર બ્રિજ, ચાર મોટા પુલ અને 12 વે-સાઈડ સુવિધાઓનું નિર્માણ પણ સામેલ છે.

મુસાફરો માટે સુરક્ષિત અને વધુ કાર્યક્ષમ મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે આ કોરિડોર એડવાન્સ્ડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (એટીએમએસ)થી સજ્જ છે. આ પ્રદેશમાં પર્યાવરણીય સંવેદનશીલતા, સમૃદ્ધ જૈવવિવિધતા અને વન્યજીવોને ધ્યાનમાં રાખીને કોરિડોરને માનવ-વન્યજીવન સંઘર્ષને નોંધપાત્ર રીતે ઘટાડવાના હેતુથી અનેક વિશેષતાઓ સાથે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

# તુર્કીમાં એક હાઈસ્કૂલમાં બંદૂકધારીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો

**16** લોકોને ઘાયલ કર્યા ત્યાર બાદ ખુદને ગોળી મારી દીધી

અંકારા, તા. 14 (AP) - દક્ષિણ-પૂર્વ તુર્કીની એક હાઈસ્કૂલમાં મંગળવારે એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા 16 લોકો ઘાયલ થયા હતા અને ત્યારબાદ તેણે ખુદ આત્મહત્યા કરી લીધી હતી. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

18 વર્ષીય હુમલાખોર, જેની પાસે બંદૂક હતી, તેણે શાનલિયુર્ફા પ્રાંતના સિવેરેકમાં આવેલી એક વોકેશનલ હાઈસ્કૂલમાં ઘૂસીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો અને પછી બિલ્ડિંગમાં છૂપાઈ ગયો હતો. ગવર્નર હસન સિલદાકે જણાવ્યું હતું કે, બાદમાં તેણે તે જ શૉટગનથી ખુદને ગોળી મારી દીધી હતી.

સિલદાકે જણાવ્યું કે, આ હુમલામાં 10 વિદ્યાર્થીઓ, ચાર શિક્ષકો, એક કેન્ટીન કર્મચારી અને એક પોલીસ અધિકારી ઘાયલ થયા છે. જ્યારે તેમાંના મોટા ભાગના લોકોની સારવાર સિવેરેકમાં ચાલી રહી છે, પાંચ ઘાયલ શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રાંતીય રાજધાનીની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. કારણ કે, તેમની સ્થિતિ વધુ ગંભીર હતી, એમ ગવર્નરે જણાવ્યું હતું. હુમલા પાછળનો હેતુ હજી અસ્પષ્ટ છે. તુર્કીમાં શાળામાં ગોળીબારની ઘટનાઓ દુર્લભ છે.

અગાઉ, મીડિયા અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું કે, હુમલાખોરે શરણાગતિ સ્વીકારવાનો ઈનકાર કર્યા પછી તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવ્યા હતા અને પોલીસ સ્પેશિયલ ઓપરેશન યુનિટ તૈનાત કરવામાં આવ્યું હતું.

# કામવાળીઓએ નોઈડામાં હવે પ્રદર્શનો કર્યા

**પગાર** વધારાની માગ સાથેના પ્રદર્શનોમાં પથ્થરમારો કરાયો, પોલીસે બળ પ્રયોગ કરવો પડ્યો



નવી દિલ્હી, તા. 14: નોઈડામાં ફેક્ટરી મજૂરો બાદ હવે ઘરેલું કામ કરતી મહિલાઓ (કામવાળી) અને અન્ય કર્મચારીઓએ પગાર વધારાની માગ સાથે મોરચો ખોલ્યો છે. સેક્ટર 121માં આવેલી લક્ઝરી સોસાયટી ‘ક્લિયો કાઉન્ટી’ બહાર આ વિરોધ પ્રદર્શને હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આક્રોશિત ભીડે સોસાયટીના દરવાજાના કાચ તોડી નાખ્યા અને પથ્થરમારો કર્યો હતો, જેના કારણે સ્થિતિ કાબૂ બહાર જતાં પોલીસે બળપ્રયોગ કરીને વિસ્તાર ખાલી કરાવવો પડ્યો હતો.

આ ઘટનાથી આસપાસની સોસાયટીઓના લોકોમાં પણ ગભરાટ ફેલાયો છે અને હાઈ એલર્ટ જાહેર કરાયું છે. સોશિયલ મીડિયા પર આ મુદ્દે મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. કેટલાક લોકો મોંઘવારીને જોતા કામવાળીઓના સમર્થનમાં છે, જ્યારે કેટલાક રહેવાસીઓ તેને સુનિયોજિત કાવતરું કે ખંડણીખોરી ગણાવી રહ્યા છે. એવી પણ ચર્ચા છે કે ફેક્ટરી મજૂરોના આંદોલનની જેમ અહીં પણ કોઈ ‘માસ્ટરમાઈન્ડ’ કામ કરી રહ્યો છે. એક અન્ય યુઝર્સે લખ્યું હતું કે ‘મારી કામવાળીએ કહ્યું કે કેટલીક કામવાળીઓ પ્રદર્શનોમાં ભાગ લેવા નથી માગતી પણ અમુક કામવાળીઓ તમામને તેમાં ખેંચી લેવા માગે છે.’ જ્યારે બીજા યુઝર્સે લખ્યું, ‘આ વધતી મોંઘવારી સામેની પ્રતિક્રિયા છે.’



» નેપાળી નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે થિમીમાં આયોજિત ‘બિસ્કેટ જાત્રા’ ઉત્સવ દરમિયાન હાથમાં સળગતી મશાલ લઈને સરઘસમાં ભાગ લેતા હિન્દુ શ્રદ્ધાળુઓ નજરે પડે છે.